શહેરમાં યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના કારણે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એમઆઈજી મકાનના ડ્રોનું આયોજન સવારે ૧૧ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા ગાંધીજી જીવન દર્શન વિશે વાર્તાલાપ સવારે ૧૧ કલાકે પીટીસી કોલેજ, કોબા ખાતે યોજાશે.

## નભોઇ કેનાલમાં છલાંગ લગાવનાર વિદ્યાર્થીનો અડાલજ કેનાલમાંથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૬

મળતી માહિતી મુજબ ગઈ કાલે નભોઈ નર્મદા કેનાલની બહારથી એક બિનવારસી હાલતમાં બાઈક મળી આવ્યુ હતુ. બાઈકને આધારે તપાસ કરતા તે બાઈક ગાંધીનગર શહેરનાં સે-૨૫ સુર્યનારાયણ



સોસાયટી વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષિય પાર્થ પ્રવિણભાઈ પ્રજાપતિનું હોવાનુ ખુલ્યુ હતુ. પાર્થ ગાંધીનગર મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ. નાં ત્રીજા સેમમાં અભ્યાસ કરતો હતો. પરિક્ષા ચાલુ થનાર હોવાથી પાર્થ તેના સહપાઠી સંબંધીને ઘરે સે-૫ ખાતે વાંચન કરવા જતો હતો. શુક્રવારે રાત્રે પણ તે સે-૫ માં વાંચવા ગયો હતો. રાતભર વાંચ્યા બાદ સવારે પાર્થ બાઈક લઈને મેડીકલ કોલેજમાં તેની ચોપડી લેવા જવાનુ કહીને નિકળ્યો હતો. ત્યાર બાદ પરત આવ્યો ન હતો. દરમ્યાન તેના પરિવારજનોને તેનું બાઈક નભોઈ કેનાલ પાસેથી મળ્યા અંગે જાણ થતા સ્થળ પર દોડી ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને કેનાલનાં પાણીમાં શોધખોળ શરુ કરી હતી જો કે કેનાલમાં તેનાં સગડ મળ્યા ન હતા. આજે બપોરે પાર્થનો મૃતદેહ અડાલજ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. અડાલજ પોલીસે કેનાલમાંથી મૃતદેહ પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પોલીસે પરિવારજનોની કરેલી પ્રાથમીક પુછપરછમાં જાણવા મળ્યુ છે કે તેને પરિક્ષામાં નાપાસ થવાની ચિંતા હતી. પોલીસે વધુ તપાસ આરંભી છે.

# સરઢવ રોડ પર અકસ્માતમાં મા-દિકરીનું મોત

**માતેલા સાંઢની માફક જતી ડમ્પરે સામેથી આવતી રિક્ષાને ટક્કર મારી : કોઠાથી પુનમ ભરીને ચાંદખેડાનાં પરિવારનાં સાત સભ્યો પરત જઇ રહ્યા હતા : રિક્ષા ૧૫ ફુટ દુર ફુટબોલની જેમ ફંગોળાઇ : પાંચ ઘાયલો પૈકી બે હજુ બેભાન**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા સરઢવ-મોટી આદરજ માર્ગ પર આજે વહેલી સવારે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવા પામ્યો હતો. સડસડાટ માતેલા સાંઢની માફક જઈ રહેલી ડમ્પરે સામેથી આવી રહેલી રિક્ષાને જબરદસ્ત ટક્કર મારતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. અમદાવાદ ચાંદખેડા વિસ્તારનાં એક પરિવારનાં સાત સભ્યો રિક્ષામાં કોઠા ખાતે પુનમ ભરવા ગયા હતા અને સવારે ત્યાથી પરત ફરી રહ્યા હતા. આ અકસ્માતમાં રિક્ષા ૧૫ ફુટ સુધી ફંગોળાઈને રસ્તા વચ્ચે ફેંકાઈ ગઈ હતી. આ ઘટનામાં માતા-દિકરીનું સ્થળ પર જ મૃત્યુ થયુ હતુ જ્યારે અન્ય પાંચ ઘાયલ થયા હતા જેમા બે હજુ બેભાન હાલતમાં સારવાર હેઠળ છે. પેથાપુર પોલીસે ડમ્પરચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે. મળતી માહિતી





મુજબ અમદાવાદ ચાંદખેડા રેલ્વે સ્ટેશન પાછળ કૃષ્ણધામ કોલોનીમાં રહેતુ એક દંતાણી પરિવાર રિક્ષા લઈને કલોલ તાલુકાનાં કોઠા ગામે સ્થિત હડકાઈ માતાના મંદિરે પુનમ ભરવા ગયુ હતુ. કોઠામાં શરદ પુનમનો બે દિવસનો મેળો પણ ભરાય છે. રિક્ષામાં પરિવારનાં સાત સભ્યો બેઠા હતા અને પુનમ ભરીને આજે વહેલી સવારે પરત અમદાવાદ આવવા નિકળ્યા હતા. રિક્ષામાં આગળ બે અને પાછળ પાંચ સભ્યો એમ સાત સભ્યો બેઠા હતા. સરઢવ-મોટી આદરજ માર્ગ પર તેમની રિક્ષા પહોંચી ત્યારે ધસમસતી આવતી એક ડમ્પરે રિક્ષાને અડફેટે લઇ લીધી હતી. આ અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા એક જ પરિવારનાં સાત સભ્યો સાથે રિક્ષા ૧૫ ફુટ સુધી ફંગોળાઈને પટકાઈ હોવાનું જાણવા મળ્યુ છે. વહેલી સવારે બનેલી આ કરૂણ ઘટનામાં ઘટના સ્થળ પર જ માતા-દિકરીનાં પ્રાણ પંખેરુ ઉડી જવા પામ્યા હતા. ૫૦ વર્ષિય લીલાબેન દિલીપભાઈ દંતાણી અને તેમની ૧૬ વર્ષિય દિકરી લક્ષ્મીબેન દિલીપભાઈ દંતાણી બંનેના ગંભીર ઈજાઓને પગલે સ્થળ પર જ મૃત્યુ થઈ ગયા હતા. આ ગોઝારા અકસ્માતમાં પરિવારનાં અન્ય પાંચ સભ્યો ૨૮ વર્ષિય રાકેશ મહેશભાઈ દંતાણી, ૩૦ વર્ષિય મુકેશભાઈ દંતાણી, મહેશભાઈ દિલીપભાઈ દંતાણી અને ૨૭ વર્ષિય પિન્ટુભાઈ એમ દંતાણી તથા ૨૮ વર્ષિય પારૂલબેન દંતાણી પણ ઘાયલ થયા છે જે પૈકી પારૂલબેન અને પિન્ટુભાઈ બંને હાલ બેભાન હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પેથાપુર પી.એસ.આઈ એલ.એસ.ચૌધરીએ રાકેશ પટણીની ફરિયાદને આધારે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વાતવાતમાં

● આ વર્ષે નવરાત્રીમાં એક નોરતું વધારે હતુ અને શરદપૂનમ પણ બે દિવસની મળી જેના કારણે ગરબાના શોખીન ખૈલેયાઓને જલ્સો પડી જવા પામ્યો છે. સોશિયલ મિડીયા પર શરદપૂનમે સાકર-પૌંઆમાં ચંદ્રની શીતળતા ઉમેરાતા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી હોવાના સંદેશાઓ પણ ખૂબ શેર થઈ રહ્યાં છે.

● ગાંધીનગરના પથિકાશ્રમ એસટી ડેપોમાંથી માત્ર અડધા કલાકમાં જ પોલીસે એક કિશોર અને એક દંપતિ સહિત ત્રણ ગુનેગારો ઝડપી લીધા હતા. પોલીસે દંપતિ પૈકીની મહિલા આરોપી પાસેથી એક તફડાવેલો કિંમતી મોબાઈલ ફોન, પુરુષ પાસેથી ૬ હજાર રોકડ સહિતનું પાકીટ તથા કિશોર પાસેથી પણ એક પાકીટ જપ્ત કર્યું હતું.

● નવરાત્રી-શરદપૂનમ બાદનો રવિવાર નગરના પતિદેવો માટે આરામના બદલે ભરપૂર કામકાજથી ભર્યો ભર્યો રહ્યો હતો. રજાના દિવસનો લાભ ઉઠાવી ગૃહિણીઓએ પતિદેવોને દિવાળીની સફાઈ કાર્યમાં જોતરી દીધા હતા.

● રવિવારે શહેરમાં વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાઈ ગઈ તેમજ આવતા રવિવારે પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા પણ યોજાશે. આમ એક પછી એક સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંપન્ન થવા લાગતા શહેરમાં ઘણા સમયથી આવેલા યુવા ઉમેદવારોની સંખ્યા ઘટવા લાગી છે. અને સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બિલાડીના ટોપની જેમ ફુટી નિકળેલા કલાસીસના સંચાલકો પણ નવરા થતા જોવાઈ રહ્યાં છે.

# શહેરમાં યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના કારણે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા

**બપોરે પરીક્ષા પૂર્ણ થયા બાદ કેન્દ્રોની આસપાસના માર્ગો પર ટ્રાફિક જામ : જિલ્લાના જ ઉમેદવારો હોવાથી પોતાના વાહન લઈને આવેલા ઉમેદવારોની સંખ્યા વધુ રહી**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં આજે ગૌણ સેવા પસંદગી મંડળ આયોજિત સચિવાલય-બિન સચિવાલય કારકુન વર્ગ-૩ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષા માટે ગાંધીનગરના શૈક્ષણિક સંકુલોમાં ઉમેદવારો તેમજ તેમના સગા સંબંધીઓના ધાડે ધાડા ઉમટી પડયા હતા. રાજય વ્યાપી યોજાયેલ આ પરીક્ષામાં જિલ્લા મુજબ કન્દ્રોની ફાળવણી કરાઈ હોવાથી ગાંધીનગર જિલ્લાના જ ઉમેદવારો શહેરમાં પરીક્ષા આપવા આવ્યા હોવાથી વાહન લઈને આવેલા ઉમેદવારોની સંખ્યા વધુ



હતી. આ કારણે જયારે બપોરે ૨ કલાકે પરીક્ષા પૂર્ણ થઈ પછી શહેરના માર્ગો પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

રાજયભરમાં વર્ગ-૩ કલાર્કની સીધી ભરતી માટે આજે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષા માટે ગાંધીનગરમાં મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટી પડયા હતા. આ ઉમેદવારો સાથે તેમના સગા સંબંધી પણ આવેલા હોઈ શહેરમાં રવિવારની રજાના દિવસે પણ ભારે ચહલપહલ જણાઈ હતી. પરીક્ષામાં જે તે જિલ્લા વાઈઝ ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રો ફળવાયા હોઈ ગાંધીનગર જિલ્લાના જ ઉમેદવારો અહીં શહેરમાં પરીક્ષા આપવા આવ્યા હતા. આમ જિલ્લામાંથી જ આવતા ઉમેદવારો હોવાથી પોતાનું વાહન લઈને પરીક્ષા આપવા આવનાર ઉમેદવારોની સંખ્યા વધુ હતી. આ કારણે જયારે બપોરે ૨ કલાકે પરીક્ષા પૂર્ણ થઈ તે બાદ લગભગ અડધાથી પોણા કલાક માટે જે તે કેન્દ્રની આસપાસના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. વળી, વાહન વગર આવેલા ઉમેદવારોની સવારી મેળવવા પરીક્ષા પૂર્ણ થવાના સમયે કેન્દ્રોની આસપાસ શટલિયા ઓટો રીક્ષા વાળાઓએ પણ કતારો લગાવી હતી. આ કારણે પણ ટ્રાફિકની વધુ અસર જણાતી હતી. આજે રવિવારની રજાના દિવસે પણ શહેરીજનોને ભારે ચહલપહલ તથા ટ્રાફિક જામ વગેરે દશ્યો જોવા મળ્યા હતા.

# એલ.ડી.આર.પી કોલેજની વેબસાઇટ કરાંચીથી હેક થઇ હતી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની એલ.ડી.આર.પી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી એન્ડ રીસર્ચ કોલેજની વેબસાઈટને પાકિસ્તાની હેકર્સ 'ડેથ એડર્સ ક્રુ' એ હેક કરી પાકિસ્તાનનો ઝંડો હોમપેજ પર ફિક્સ કરી દઈને દેશની સલામતી પર ગાળ લખીને ચેતવણી આપતો સંદેશ મુકી દીધો હતો. આ બનાવ અંગે કોલેજનાં રજીસ્ટ્રારે ફરિયાદ આપતા સે-૭ પોલીસે આઈ.ટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરતા કરાચીથી હેકરે આ વેબસાઈટ હેક કરી હોવાનું ધ્યાને આવ્યુ છે.

કોલેજની વેબસાઈટના હોમપેજ પર પાકિસ્તાનનો ઝંડો મુકી આ સાઈટ ડેથ એડર્સ ક્રુ નાં કાશીફ હેક્ષર દ્વારા હેક કરવામાં આવી હોવાનુ વેબપેજ પર લખેલુ હતુ અને પાકિસ્તાન ઝીંદાબાદ લખી ભારત દેશની સુરક્ષા પર ગાળ લખી હતી.

**કોલેજની વેબસાઈટનાં હોમપેજ પર પાકિસ્તાનનો ઝંડો મુકી ધમકી આપી હતી**

વેબ પેજ પર બીજુ લખાણ પણ લખ્યુ હતુ જે દેશને ચેતવણી આપતુ હોવાનો સંકેત કરે છે. 'અભી તો પાર્ટી શુરુ હુઈ હે મોદીજી, વી વીલ ★★★ યોર સિક્યોરિટી' ચેતવણીરુપ આ સંદેશ લખીને હેકર્સે દેશની સિક્યુરિટીની ઠેકડી ઉડાડતુ લખાણ લખ્યુ હતુ કે 'લાફીંગ એટ યોર સિક્યુરિટી સિન્સ બોર્ન..', 'સિક્યોરિટી ઈઝ જસ્ટ ઈલ્યુઝન'. હેકિંગ અંગે જાણ થતા જ તે રાત્રે દોઢેક વાગ્યે ટેકનીકલ સ્ટાફ બોલાવીને વેબસાઈટ બ્લોક કરવામાં આવી હતી. આ મામલે કોલેજનાં રજીસ્ટ્રાર સુર્યકૃષ્ણ શ્રીમન્નારાયણ શર્મા મંત્રાલાએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પી.આઈ ડી.ડી.સોઢાએ અજાણ્યા હેકર સામે આઈટી એક્ટની કલમ ૬૫ અને ૬૬ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી. તપાસ કરતા હેક કરનાર શખ્સે જે કોમ્પ્યુટરથી હેકીંગ કર્યુ હતુ તેનું આઈ.પી એડ્રેસ પાકિસ્તાન કરાચી વિસ્તારનું આવ્યુ છે. કરાચીમાં બેઠા બેઠા ગાંધીનગરની કોલેજની વેબસાઈટ હેક કરવામાં આવી હતી. પોલીસે આ ગુનાની વધુ તપાસ ચલાવી છે.





ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર અને સંશોધક શ્રી દોલત ભટ્ટના અભ્યાસ ગ્રંથ 'રણજિતરામ વાવાભાઈ અને તેમનું સાહિત્ય'નું વિમોચન કેન્દ્રીય કૃષિ રાજયમંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં કરવામાં આવ્યું હતું. તેઓએ શ્રી દોલત ભટ્ટની સાહિત્યિક અને અભ્યાસુ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ અવસરે જાણીતા પત્રકારશ્રી ભવેન કચ્છી, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# યા દેવી સર્વ ભુતેષુ 'શકિત' રૂપેણ સંસ્થિતા...!!

**'શકિત'ની ઉપાસનાનું પર્વ તો ઉજવી લીધું અને મહિલા બાળ દિવસ કે ગ્રામીણ મહિલા દિવસ પણ ઉજવ્યો પરંતુ ખરા અર્થે મહિલા શકિતનો સ્વીકાર કયારે?!**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧૬

આદ્યશકિત મા જગદંબાની આરાધનાનો ઉત્સવ નવરાત્રી આપણે તાજેતરમાં જ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો છે. 'શકિત'ની આરાધનાના આ ઉત્સવનો આપણે વિશ્વભરમાં મહિલાઓનું ભારતીય સંસ્કૃતિમાં કેટલું મહત્વ છે તે દર્શાવવા પ્રતિકરૂપે સિફતપૂર્વક ઉપયોગ પણ કરીએ છીએ. વળી, યોગાનુયોગ આ તહેવારની સાથે સાથે જ માત્ર સરકારી ઔપચારિકતામાં ઉજવાતા મહિલા સંબંધી બે ઉજવણી કરાઈ તેમાં એક આંતરરાષ્ટ્રીય મહિલા બાળ દિવસ અને બીજુ આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ. જો કે આટ આટલી ઉજવણીઓ બાદ પણ ખરેખર આપણે મહિલાઓને સમાનતા અનુભવાય તેવું થોડું ઘણું પણ વાતાવરણ સર્જી શકયા છીએ કે નહી તે પ્રશ્નનો સાચો ઉત્તર આપતા જીભ જરૂર થોથવાઈ શકે છે.

ગુજરાતમાં નવરાત્રીમાં અડધી રાત્રે દિકરી સ્કૂટર લઈને એકલી ઘરે પરત ફરે છે તેનાથી માંડીને દિકરી એક નહીં બે કુટુંબો તારે છે આવા તો અનેક વ્હોટસએપિયા કે ફેસબુકિયા મેસેજીસ ફરતા કરી જાતે ને જાતે આપણી છાતી ફુલાવી લઈએ છીએ. જો કે વર્ષ ૨૦૧૧માં થયેલી છેલ્લી વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં દર એક હજાર પુરુષે માત્ર ૮૯૦ મહિલાઓના દર સાથે આપણે દેશભરમાં ૨૪માં સ્થાને રહ્યા હતા. આ ગણતરીમાં કેરળ ૧૦૮૪ના દર સાથે પ્રથમ ક્રમે રહ્યું હતું. અગત્યની વાત તો એ છે કે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં કેરળનો દર ૧૦૫૮થી વધીને ૧૦૮૪ થયો જયારે ગુજરાતનો દર ૯૨૦ થી ઘટીને ૮૯૦ સુધી પહોંચી ગયો હતો. કેન્દ્ર સરકાર દ્વારા ગર્ભનું જાતિ પરીક્ષણ ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું છે આથી સોનોગ્રાફી સેન્ટરો તથા હોસ્પિટલોમાં 'અહીં ગર્ભનું જાતિ પરીક્ષણ કરવામાં આવતું નથી' તેવા પાટિયા ઝુલતા જોવા મળે છે. બીજી તરફ હકીકત એ પણ છે કે આ પ્રતિબંધનો લાભ ઉઠાવી મનમાગ્યા નાણાં વસુલી ગેરકાયદેસર પરીક્ષણ કરી આપનાર તબીબોની સંખ્યા પણ ઓછી નથી. વળી, તેમની સાંકેતિક ભાષા તો જુઓ, જો ગર્ભમાં દિકરો હોય તો 'જય શ્રી કૃષ્ણ' અને દિકરી હોય તો 'જય માતાજી' કહી પરિણામનો સંકેત આપવામાં આવે છે. આ બેટી બચાવો અભિયાન ચલાવતા વિકસિત ગુજરાતની તાસીર છે.



શરૂઆત ગર્ભ પરીક્ષણથી થાય છે એવું જ નથી પરંતુ સામાજિક વ્યવસ્થામાં પણ અનેક બાબતો એવી છે જે મહિલા દરને ગંભીરતાપૂર્વક અસર કરી રહી છે. જેમાં કુપોષણ, મહિલાઓનો શિક્ષણની ઓછી તકો, માત્ર લગ્નલક્ષી જ ઉછેર, લાજ પ્રથા, વિધવા પ્રથા, વાણીભેદ, ભાષાભેદ, આસન ભેદ, અખંડ સૌભાગ્યવતીનો ખ્યાલ વગેરે ઉપરાંત મહિલાઓના વહેલા લગ્ન, વહેલુ માતૃત્વ, કહેવાતી શરીરની પવિત્રતાનો બોજ માત્ર મહિલાઓ પર જ લાદી મહિલાઓએ આદર્શ દિકરી, આદર્શ પત્નિ કે આદર્શ માતા જ બનવું તેવી માન્યતાઓ વગેરે એક વિષચક્રની જેમ મહિલાઓના અસ્તિત્વને અસર પહોંચાડી રહ્યા છે.

આ બધામાં ગ્રામીણ મહિલાઓની તો હાલત વધુ વિષમ છે. ગ્રામીણ વિસ્તારોમાં ૪૦ ટકા કુટુંબોની મુખ્ય કમાનાર વ્યકિત મહિલા હોવા છતાં તે કુટુંબની મુખ્ય વ્યકિત ગણાતી નથી. અહીં મહિલાઓ ૬૭ ટકા કામ કરી ફકત ૫ ટકા વળતર પ્રાપ્ત કરે છે. છતાં માત્ર ૧ ટકા કરતા પણ ઓછી મિલ્કત તેમના નામે જોવા મળે છે. મહિલાઓ માટે વારસાના અધિકારો તો હજુ કાયદાપોથીમાં જ ધરબાયેલા રહ્યા છે. હજુ પણ આપણા સમાજમાં ૫૦ ટકાથી વધુ મહિલાઓના લગ્ન ૧૮ વર્ષની કાયદાકીય ઉંમર પહેલા જ થઈ જાય છે જયારે પુરુષોમાં આ પ્રમાણ ૧૬ ટકા જેટલું છે. મહિલાઓના સ્વાસ્થ્ય બાબતે પણ સમાજમાં ગંભીર દુર્લક્ષતા સેવાતી જોવા મળે છે.

સોશ્યલ મિડીયા પર દિકરીને મહત્વ આપતા સંદેશાઓની ફેશન ચાલી છે. સંવેદનશીલતાને નામે વાહવાહી મેળવવામાં આમ પણ આપણે પાવરધા છીએ પછી ભલેને સર્જીકલ સ્ટ્રાઈકનો મુદ્દો હોય કે પછી ધાર્મિકતા કે જ્ઞાતિવાદનો મુદ્દો હોય. હવે દિકરીઓ બાપને કાંધ આપતી થઈ ગઈ છે. તે આશાવાદ જરૂર જગાવે છે પરંતુ હજુ પણ બાપની મિલ્કતમાં દિકરીને હિસ્સો મેળવવા જતા મ્હેણા-ટોણા પણ સાંભળવા પડી રહ્યાં છે. મહિલાઓ આજના 'માઈક્રો ફેમિલી' યુગમાં પુરુષને ખભેખભા મિલાવી કમાણીમાં પણ મદદરૂપ થનાર સહભાગી બની સાચા અર્થમાં પૂરક બની રહી છે. આમ છતાં હજુ પણ તેમને માત્ર પ્રજોત્પાદનના કાર્ય પૂરતા મર્યાદિત કરવાનું મુલ્યાંકન કરવું એ શું મહિલા 'શકિત'નું અપમાન નથી? હવે સમય આવી ગયો છે કે માત્ર શ્લોકોમાં મહિલાઓને 'શકિત' સ્વરૂપ ગણાવી ગા ગા કરવાને બદલે સાચા અર્થમાં શકિતનો સ્વીકાર કરી યોગ્ય સ્થાન આપવું જેથી આપણી આરાધના સાચા અર્થમાં સાર્થક બને.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## બીએસએફ ખાતે ''રેસલીંગ કલસ્ટર-૨૦૧૬'' સ્પર્ધાનો રંગારંગ પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

બોર્ડસ સિક્યુરિટી ફોર્સના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા બીએસએફ ઈન્ટર-ફ્રન્ટિયર રેસલીંગ કલસ્ટર-૨૦૧૬નો પ્રારંભ કરાયો છે. ગાંધીનગરથી ચિલોડા તરફના મુખ્ય માર્ગે આવેલા બીએસએફ યુનિટ ખાતે આજે સાંજે ૪.૩૦ કલાકે આ સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાનપદે ગુજરાત રાજ્યની આર્મ્ડ યુનિટના ડાયરેક્ટર જનરલ આઈપીએસ પ્રમોદકુમાર ઉપસ્થિત રહ્યાં હતા અને ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

બીએસએફ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલ ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખ પદે બીએસએફ ગુજરાત ફ્રન્ટિયરના ઈન્સ્પેક્ટર જનરલ આઈપીએસ અજયકુમાર તોમર તથા આયોજકમંત્રી પદે ડીઆઈજી ડી.એસ. ભાટી ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં દેશના વિવિધ બીએસએફ ફ્રન્ટિયર્સમાંથી અંદાજે ૧ હજારથી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધામાં કુશ્તી ઉપરાંત જુડો, બોકસિંગ, જીન્માસ્ટિક, વેઈટ લિફટીંગ વગેરે રમતો યોજાશે જેમાં અનેક રાષ્ટ્રીય કક્ષાના સ્પર્ધકો પણ સામેલ થશે. ઉદ્‌ઘાટન સમારંભમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાયા હતા જેમાં ગાંધીનગરની નિફ્ટ કોલેજના યુનિટે પણ નયનરમ્ય કૃતિ રજૂ કરી હતી.

## દુઃખદ અવસાન

ગુજરાત વિધાનસભાના નિવૃત્ત ઉપસચિવશ્રી જી.એમ. ભટ્ટના પુત્ર શ્રી કુમાર જી. ભટ્ટનું ટુંકી માંદગીમાં અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૭-૧૦-૨૦૧૬ના રોજ સાંજે ૫ થી ૭ દરમિયાન પ્લોટ નં. ૧૭૮, આનંદવાટિકા સોસાયટી, સે-૨૨ ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ લીલાબેન અમૃતલાલ, ઉ.વ. ૫૦
- સ્વ. જગાજી ચતુરજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. ઈન્દ્રવદન લાલુભાઈ દેસાઈ, ઉ.વ. ૭૭
- સ્વ. પરમાર ચીમનલાલ ધનાભાઈ, ઉ.વ. ૫૮
- સ્વ. પાર્થભાઈ પ્રવિણભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૨૧